સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

'હિંદુત્વ'ના ગુમ એજન્ડે મળી સંઘની કૂખ છે,
હજી એ જ સંકુચિત વિચાર, સત્તાની ભૂખ છે,
રૂખ છે પક્ષીય, રાષ્ટ્રીય વડા થયા છો છતાંય -
છો એવા ને એવા, બદલાયા નહીં એનું જ દુઃખ છે...
(મોકલ્યો એવો જ છું ને?!)

હાઈકુ

થઈ ગઈ છે,
વીજળી પણ હવે
માણસ ખાઉં...
(પરિવાર પર ત્રાટકી)

આખરે બેઠા,
અમેરિકી ખોળામાં -
છોડ્યું તાટસ્થ્ય...
(ચીન-પુતિન રિસાશે!)

ચિંતન

अपुत्रस्य गृहं शून्यं, सन्मित्ररहितस्य च ।
मूर्खस्य च दिशाः शून्याः सर्वशून्या दरिद्रता ॥

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા અધ્યાય 'સામાન્ય નીતિ'નો આ શ્લોક છે :

સંતતિ-સંતાન-પુત્ર વગરનું ઘર શૂન્ય છે. એ ઘર, ઘર નથી. જે ઘર-પરિવારને વડીલને સારો મિત્ર નથી (જે સાચી - સાચી સલાહ આપી શકે) એ મિત્રવિહોણું ઘર પણ શૂન્ય જ છે.

મૂર્ખ માણસને માટે બધી દિશા - માર્ગ રસ્તા 'શૂન્ય' જેવા જ છે કારણ કે તે બુદ્ધિપૂર્વક કઈ દિશામાં - શા માટે જવું કે ન જવું એનો વિચાર કરી શકતો નથી. કોઈ પણ પરિસ્થિતિમાંથી માર્ગ કાઢી નથી શકતો.

પરંતુ જે ગરીબ છે, દરિદ્રી છે એન માટે તો બધી જ બાબતોમાં 'શૂન્યતા' જ રહેતી છે કારણ કે પૈસા-ધન-સમૃદ્ધિ અને ઉત્સાહ વિના કોઈ પણ પ્રવૃત્તિમાં પ્રવૃત્ત થઈ શકાતું નથી.

સુવિચાર

- કાયામાંથી અને કાળજામાંથી કટુતા, ક્રૂરતા અને કડવાશ કાઢી નાખવાનો કિમીયો એટલે જ 'મિચ્છામી દુક્કડમ' - **તરૂણ સાગરજી**
- વેરી જેના વેણ વખાણે તે સાચો વક્તા - **ફુલછાબ**
- પરસેવાથી પ્રાપ્ત કરેલો પૈસો પર સેવામાં વાપરવાથી પરમાત્મા પ્રસન્ન થાય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- બધું જ વ્યર્થ છે અને કશું જ વ્યર્થ નથી એ બે વચ્ચે સમતુલા જાળવવી જીવવા માટે અનિવાર્ય છે - **ચંદ્રકાન્ત બક્ષી**
- નદી પાસે પાણીનો ઘડો ડંફાસ મારે ત્યારે નદી તો વહેતી જ હોય છે - **કાજલ ઓઝા**
- ધરતી ધૂળને હડધૂત કરતી નથી કે આકાશ કોઈ વાદલને હડધૂત કરતું નથી - **અમૃત બિંદુ**
- આજનું ઔષધ : કેળાનો ગર માં એક ચમચી લીંબુનો રસ અને એક ચમચી ગુલાબ જળ મેળવી ચહેરા પર લગાવવાથી કાળા ડાઘ દૂર થાય છે **(દીપક વી. આસરા)**

બોધકથા

ભલભલા 'ત્યાગી' સાધુ-મહાત્મા-બાપુઓ 'સંસાર' છોડી 'બાવા' થઈ જાય છે પણ ધીમે ધીમે પ્રભાવ વધારી ફરી સાધુ જીવનમાં 'સંસાર' ઊભો કરે છે. વિશાળ આશ્રમ, ગૌશાળા-ખેતી-શાળાઓનો વહીવટ-દવાખાનાં વગેરે વગેરે અને એની 'ખટપટો' શરુ...

ઋષિકેશના મહાત્મા પાસે એક રાજા આવ્યો અને કહ્યું આપની સાદગી અને સચ્ચાઈ વિશે મેં ઘણું બધું સાંભળ્યું છે હું આપની તન-મન-ધનથી સેવા કરવા ઈચ્છું છું. સેવા કરી કરી થાકેલો શિષ્ય આ સાંભળી ખુશ થયો.

... પરંતુ સંત કહે - હે રાજન્ આ તન હોય કે તારી સેવાનું તન હોય મારાં કર્મ પ્રમાણે મારે પીડા તો ભોગવવી જ પડશે. તારી મનથી કેરલી સેવા મારા મન પર પ્રભાવ ન પાડી શકે એ મારા હૃદય-ચિત્તની પવિત્રતા પર આધારિત છે. અને ધન નો તો હું જાતે જ ત્યાગ કરી આ આશ્રમમાં ઈશ્વર ભજન કરું છું મારે ફરી 'સંસાર' ઊભો નથી કરવો. રાજા નિરાશ થઈ ચાલ્યો ગયો.

સંતે શિષ્યને ભિક્ષા માગવા ગામમાં મોકલ્યો.

સિંગુર કેસમાં મમતાનો વિજય

આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતા ઉદ્યોગપતિ રતન તાતાની ડ્રીમ કાર 'નેનો' માટે પશ્ચિમ બંગાળની સામ્યવાદી સરકારે લાલ જાજમ પાથરીને સિંગુરની ફળદ્રુપ જમીન પાણીના ભાવે ભેટ ધરી દીધી હતી. જમીન સંપાદન થતાં ખેતી પર નભતા ખેડૂત પરિવારો રસ્તા પર આવી ગયા હતા. બંગાળની વાઘણ તરીકે ઓળખાતાં તૃણમૂળ કોંગ્રેસનાં નેતા મમતા બેનરજીએ પીડિત ખેડૂતોની વહારે ચડીને ઉદ્યોગપતિ તાતા સામે મોરચો માંડ્યો હતો. ઐતિહાસિક ખેડૂત આંદોલનના પગલે અને અદાલતોમાં એક પછી એક લપડાકને અંતે તાતા મોટર કંપનીએ નેનો પ્રોજેક્ટ માટે વૈકલ્પિક જગ્યાની શોધ આરંભી હતી. આખરે ગુજરાતના લોકપ્રિય મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ એમને ગુજરાતમાં નેનો પ્રોજેક્ટ સ્થાપવા ઉમળકાભર્યું ઈજન પાઠવ્યું હતું અને સાણંદ ખાતે જમીન ફાળવી હતી. મમતા બેનરજીએ ખેડૂતોના પક્ષે રહીને લોકનેતાને છાજે એવો ઐતિહાસિક અભિગમ દાખવ્યો છે. અદાલતી ચક્કરમાં અટવાયેલા સિંગુરના ખેડૂતોને સુપ્રીમ કોર્ટે યાદગાર ભેટ જેવો ચુકાદો આપીને તાતા જેવા મોટા ગજાના ઉદ્યોગપતિઓને પણ યાદ રહી જાય એવી લપડાક મારી છે. ત્રણ દાયકા જૂની જયોતિ બસુ બુદ્ધદેવ બસુના નેતૃત્વવાળી સામ્યવાદી પક્ષની સરકાર સાથે સાંઠગાંઠ રચીને ખેડૂતોના મોંમાંથી આજીવિકા ઝૂંટવી લેનાર ઉદ્યોગપતિને જ નહીં બલકે રીઢા રાજકારણીઓને પણ આ ચુકાદાથી મોટો બોધપાઠ મળશે. ખેડૂતને જગતનો તાત ગણાવી એની લુખ્ખી પ્રશંસા કરનાર રાજનેતાઓ અંગત સ્વાર્થ ખાતર ઉદ્યોગપતિઓનાં ખીસામાં સરી જતા હોય ત્યારે દેશની સર્વોચ્ચ અદાલતે જે સ્ટેન્ડ લીધું છે તે કાલિબેદાદ છે. એમણે પશ્ચિમ બંગાળની સરકારને એક હજાર એકર જેટલી તાતાના કબજાવાળી જમીન હસ્તગત કરી બાર જ અઠવાડિયામાં જે-તે ખેડૂતોને સુપરત કરવાનો આદેશ કર્યો છે, એટલું જ નહીં - એ જમીન સંપાદિત કરતાં સરકારે ખેડૂતોને ચૂકવેલ વળતર પર ખેડૂતોએ પરત કરવાનું નહીં રહે, એવી સ્પષ્ટતા કરી છે. પ્રજાલક્ષી નેતા મમતા બેનરજી માટે આ મોટો વિજય છે. મમતા ઝુઝારું લોકનેતાની અદાથી ખેડૂતોની પડખે રહ્યાં હતા અને તાતા જેવા મોટા ઉદ્યોગગૃહ સામે એમણે બાથ ભીડીને આંદોલન ચલાવ્યું હતું. તાતાને ઊભી પૂંછડીએ ભગાડ્યા પછી પણ ઘણી મોટી જમીન તાતા મોટર્સ કંપનીના ખાતે ચડી ગયેલી હતી, જે હવે સુપ્રીમ કોર્ટના ચુકાદા અન્વયે મમતા સરકાર હસ્તગત કરી મૂળ ખેડૂતોને સુપરત કરી દેશે. મમતાની રાજકીય કારકિર્દીનો આ ઉચ્ચતર પડાવ છે. ક્યારેક કોંગ્રેસ સાથે પણ મતભેદ પડતાં 'તૃણમૂલ' - ગ્રાસરૂટ કોંગ્રેસની સ્થાપના કરી પોતાનો આગવો પ્રાદેશિક પક્ષ ઊભો કરનાર મમતા બેનરજી દેશનાં સાદામાં સાદા મકાનમાં રહેતા તથા સાદી કાર વાપરતાં મમતા બેનરજી વૈભવી ઠાઠમાઠમાં રાચતા કેન્દ્રીય નેતાઓ સામે મોટો પડકાર બનીને ઊપસ્યા છે. એમણે બંગાળની અસ્મિતાના મુદ્દે રાજયનું નવું નામ પણ અંકે કરી લીધું છે : 'બાંગ્લા.' મમતા બેનરજી માટે સિંગૂરનો વિજય એમની કારકિર્દીની યશગકલીનું સર્વોચ્ચ છોગું સાબિત થશે, એમાં શંકાને સ્થાન નથી, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પશ્ચિમ બંગાળની વિધાનસભાની ચૂંટણીમાં મમતા બેનરજીને હટાવવા તમામ પ્રકારના હથકંડા અપનાવ્યા હતા. એમની સામે શારદા કૌભાંડ અને ચૂંટણીના દિવસોમાં બ્રિજ તૂટી પડ્યા જેવી કમનસીબ ઘટનાઓ જેવી પ્રતિકૂળતાઓ હતી. છતાં બંગાળની પ્રજાએ મમતા (દીદી) ને જ સાથ આપીને એમને ઐતિહાસિક વિજય અપાવ્યો હતો. સિંગૂર ચુકાદો મમતાના ઉજ્જવળ ભવિષ્યનો સંકેત છે.

તંત્રીસ્થાનેથી...

ઉપવાસ કરવો પણ સમજીને કરવો

શ્રાવણ મહિનો આવ્યો તો શ્રાવણ મહિનો તો કરવો જ પડે . આખો મહિનો ન કરો તો ચાર સોમવાર તો કરવા જ પડે. ભાઈ શું કરવું પડે? શ્રાવણ મહિનો કરવો પડે એટલે શું? અને ચાર સોમવાર કરવા પડે એટલે શું? તો વૈજ્ઞાનિક રીતે જોઈએ તો શ્રાવણ મહિનામા વરસાદવાળું વાતાવરણ હોય છે. ચારે બાજુ પાણી હોય છે. હવામા ભેજ હોય છે. ચારે બાજુ ગંદકી હોય છે. અને આવા સમયમા પાચન શક્તિ મંદ એટલે કે ઓછી હોય છે. માટે ઓછું ખાવું અને શક્ય હોય તો હોજરી ખાલી રાખવી અને શક્ય હોય હોય ત્યાં સુધી ભારે ખોરાક ત્યજીને પ્રવાહી ખોરાકનો આગ્રહ રાખવો. પણ આપણે શું કરી એ છીએ જૂઓ.

સવિતાબેન અને સંગીતાબેન આગણામાં બેઠા બેઠા વાતો કરતા હતા. સંગીતાબેને કહ્યું અલી સવિતાબેન કાલથી શ્રાવણ માસ ચાલુ થાય છે. છેલ્લા ૫ વર્ષથી હું શ્રાવણ મહિનો કરૂ છું. જો ભગવાન કરાવે તો ૧૧ વર્ષ સુધી શ્રાવણ મહીનો કરીને ૧૧માં વર્ષે ધામધૂમથી શ્રાવણ માસ ઉજવવો એવી મારી ઈચ્છા છે. સવિતાબેને સંગીતાબેનને પૂછ્યું અલી સંગીતા તો શ્રાવણ માસ કેવી રીતે કરે છે. મારી પણ ઈચ્છા થઈ ગઈ. સંગીતાએ કહ્યું સવારે ૫ વાગે ઊઠવાનું . થોડી કસરત કરવાની. નાહી-ધોઈને ભગવાનની પૂજા કરી. ચાની જોડે ગરમ-ગરમ બટાકાની કાતરી જે મેં હાથેથી બનાવી છે. સારામા સારા બટાકાને બાફી સૂર્ય પ્રકાશમા શેકી અને ડબ્બામાં ભરી લેવા. એ બટાકાની કાતરી આખા શ્રાવણ મહિનામાં ચા-નાસ્તામાં તેલમાં તાળીને ખાવાની શું મજા આવે છે! હું તો રાહ જોવું છુ કે ક્યારે શ્રાવણ માસ આવે અને ક્યારે વધારે ખાંડવાળી ચા સાથે કાતરી ખાવાની શું મજા આવે. ૧૦ વાગે ૨-૩ ફુટ ખાવાના. બારેક વાગે દાળભાત, રોટલી અને શાક દબાવીને ખાવાનું. ખાધા પછી આરામ કરવાનો એટલે કે ૧૨ થી ૩ સૂઈ જવાનું. ૩ વાગે ઉઠ્યા પછી સાબુદાણાની બનાવેલી કાતરી ને ચા લેવાની અને સાંજે જમવાનું હોય નહિ, કારણકે શ્રાવણ મહિનો હોય એટલે શંકર ભગવાનના મંદિરે જવાનું . બીલીપત્ર ચઢાવવાના. મંદિરેથી ઘરે આવ્યા પછી બાર બજારમાંથી સરસ મજાના બફ્વડા માંગવાના. ૬ થી ૭ ખાવાના અને રાત્રે ૯ વાગે સુઈ જવાનું. સુતા-સુતા શંકર ભગવાનને યાદ કરવાના. આખા કુટુંબની સુખાકારી માટે શંકર ભગવાનને પ્રાર્થના કરવાની. મોટી બેબી જેના હમણા જ લગ્ન કર્યા તેને ત્યાં ભગવાન જલ્દી પારણું બંધાવે. નાની બેબીનું ક્યાંક સારી જગ્યાએ નક્કી થઈ જાય અને મારો મોહન એકનો એક દીકરો જે ૧૨માં ધોરણમાં છે તેને મેડીકલમા મેરીટ પર પ્રવેશ મળે. એવી પ્રાર્થના કરતા કરતા સુઈ જવાનું. આખો મહિનો આ રીતે જ ભગવાનની આરાધના કરવામા વિતાવી દેવાનો. અરે સવિતાબેન આવું કરવાથી બહુજ પુણ્ય મળે. તું પણ સવિતા આવું કર તો તારા ઘરે પણ શંકર ભાગવાન રાજી થઈ ને મહેર કરશે.

ઉમેશભાઈ મહારાજ જેમની ઉમર આશરે ૪૦ વર્ષની હતી જે બ્રાહ્મણ તરીકે ગાંધીનગરમાં બહુ જ જાણીતા છે. ઉમેશ મહારાજ પણ શ્રાવણ મહિનો આવે એટલે ખુશ ખૂશાલ થઈ જતા. શ્રાવણ માસ એટલે ધાર્મિક મહિનો. શંકર ભગવાનને રાજી કરવાનો

તન દુરસ્તી
મહેન્દ્ર ગજજર
ડૉ. દિનેશ રાઠોડ

મહિનો. તેઓ એમના યજમાનને કહેતા કે શ્રાવણ મહિનામાં રુદ્ર પાઠ કરાવવો. સાદો અથવા હોમાત્મક રુદ્રી પાઠ પણ થાય. હોમાત્મક રુદ્રી પાઠ કરાવવાથી મનને શાંતિ મળે અને જીવનમાં અટકેલા કામો સરળ થઈ જાય. ઉમેશભાઈને શ્રાવણ મહિનામા ૪૦-૫૦ રુદ્રી પાઠ માટે યજમાન મળી જતા. એટલે કે શ્રાવણ મહિનો ઉમેશભાઈ માટે લોટરી લઈને આવતો. સવારે ૬ વાગ્યાથી રુદ્રી પાઠ ઉમેશભાઈ શરૂ કરી દેતા . બારેક વાગ્યા સુધી રુદ્રી પાઠ ચાલતો. સરસ મજાની દક્ષિણા સાથે દાળ-ભાત, લાડુ અને શાકની પ્રસાદી મળતી. સાંજે ૩ વાગ્યા પછી બીજા યજમાનને ત્યાં આવી જ રીતે, ત્યાં પણ પ્રસાદીમાં લાડુ અને સારી દક્ષિણા મળતી. કોઈ યજમાન હોમાત્મક રુદ્રી કરાવે તો સવારથી સાંજ સુધી હોમાત્મક રુદ્રીની પૂજા થતી. શંકર ભગવાનની આરાધના થતી. બપોરે ફરાળ એટલે કે એકાદ માવાની આઈટમ, બટાકાની વેફર્સ અને સાંજે લાડુ સાથેનું સરસ મજાનું ફૂળભાનું પણ મળતું અને ઉમેશભાઈ લગ્નની સીઝનમાં ન કમાતા તેટલું શ્રાવણ મહિનામા કમાઈ લેતા.

સવાલ એ થાય છે કે ઉપર સંગીતાબેન અને ઉમેશ મહારાજ ખોટું કરી રહ્યા છે. આપણે શા માટે એમની ચર્ચા કરીએ છીએ. ધાર્મિક રીતે જોતા બંને સાચ્ચા છે પણ વૈજ્ઞાનિક

અનુસંધાન પાના નં. ૫ પર

૫ સપ્ટેમ્બર 'શિક્ષક દિન' કોની યાદમાં ઉજવાય છે?

વ્યક્તિ વિશેષ

ખજાનો
અનિલ પટેલ

(૧) હરિષેણ કોનો દરબારી કવિ હતો ?
(અ) સમુદ્રગુપ્ત (બ) હર્ષવર્ધન
(ક) ભોજ (ડ) ભદ્રવાયુ

(૨) ચંદેશ વંશના શાસક યશોવર્ધનને કયું મંદિર નિર્માણ કર્યું હતું?
(અ) કોણાર્ક મંદિર (બ) મોઢેરા સૂર્યમંદિર
(ક) પશુપતિનાથ મંદિર (ડ) ખજુરાહોમાં વિષ્ણુમંદિર

(૩) 'સ્વરાજ બધા માટે કોઈ વર્ગ માટે નહિ' સૂત્ર કોણે આપ્યું હતું?
(અ) વિનોબા ભાવેએ (બ) ખાન અબ્દુલ ગફારખાને
(ક) સરદાર વલ્લભભાઈ પટેલે (ડ) ચિત્તરંજન દાસે

(૪) ભારતના પ્રથમ મહિલા રાજયપાલનું બહુમાન કોને ફાળે જાય છે?
(અ) સરોજીની નાયડુ (બ) વિજયાલક્ષ્મી પંડિત
(ક) કેપ્ટન લક્ષ્મી સહેગલ (ડ) શકુંતલા દેવી

(૫) સયાજીરાવ ગાયકવાડની કઈ યોજના પ્રજાલક્ષી બની હતી?
(અ) ઘરડાઘર યોજના (બ) દરેક ગામને પાણી
(ક) સમૃદ્ધ ખેતી (ડ) મફત અને ફરજિયાત શિક્ષણ

(૬) ગુજરાતના જનક તરીકે કોણ ઓળખાય છે ?
(અ) રવિશંકર રાવળ (બ) રવિશંકર મહારાજ
(ક) ઈન્દુલાલ યાજ્ઞિક (ડ) પી.જી. માવળંકર

(૭) પ્રમુખ સ્વામીનું મૂળ નામ શું હતું ?
(અ) કાંતિલાલ (બ) શાંતિલાલ
(ક) ઝવેરી લાલ (ડ) અમૃતલાલ

(૮) ગુજરાતી ભવાઈના ભીષ્મ પિતામહ તરીકે કોણ ઓળખાય છે?
(અ) જયશંકર સુંદરી (બ) ઈશ્વર નાયક
(ક) જનક દેસાઈ (ડ) અસાઈત

(૯) પન્નાલાલ ઘોષનું નામ કયા વાદ્ય સાથે સંકળાયેલ છે?
(અ) બાંસુરી (બ) તબલા
(ક) વાયોલીન (ડ) બેન્જો

(૧૦) બેગમ અખ્તરી ફૈઝાબાદી કયા નામે જાણીતાં હતાં?
(અ) રૂહે ગઝલ (બ) આવાઝે ગઝલ
(ક) ગઝલ કોકીકા (ડ) કોકીલ કંઠી

(૧૧) એક સાથે પાણી પીતા નવ સિંહોને ફોટામાં કંડારનાર તસ્વીરકાર કોણ છે ?
(અ) ઝવેરીલાલ મહેતા (બ) સુલેમાન પટેલ
(ક) જગદીશ પટેલ (ડ) સલીમ અલી

(૧૨) રામકૃષ્ણ પરમહંસનું મૂળનામ શું હતું ?
(અ) રામેશ્વર રાય (બ) ઈશ્વરચંદ્ર
(ક) ગદાધર (ડ) દામોદર રાય

(૧૩) 'ધ બૅડમેન ઑફ ઈન્ડિયા' નું બહુમાન કોને મળે છે?
(અ) સલીમ અલી (બ) બાબા આપ્ટે
(ક) બિન્દેશ્વર પાઠક (ડ) સુંદરલાલ બહુગુણા

(૧૪) ચાણક્ય બીજા કયા નામે ઓળખાતા હતા?
(અ) વિશ્વગુપ્ત (બ) ઈન્દ્રગુપ્ત
(ક) વિષ્ણુગુપ્ત (ડ) ચંદ્રગુપ્ત

(૧૫) ૫ સપ્ટેમ્બર 'શિક્ષક દિન' કોની યાદમાં ઉજવાય છે?
(અ) લાલ બહાદુર શાસ્ત્રી (બ) ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન
(ક) વિનોબા ભાવે (ડ) ગુલઝારીલાલ નંદા

વિવિધા

વિષય : આ સપ્તાહમાં આવતા વિશ્વના વૈજ્ઞાનિકોના જન્મદિવસ

- **૨ સપ્ટેમ્બર ૧૮૯૧ : ઈવાન મિથ્યાવેચી વિગ્નોરાડોવ :** સોવિયેટ ગણિતશાસ્ત્રી. એનાલિટીક્સ થિયરી નંબર પર સંશોધન કરનાર
- **૨ સપ્ટેમ્બર ૧૮૭૮ : મોરીક રેને ફ્રેચેટ :** ફ્રેન્ચ ગણીતશાસ્ત્રી. 'થિયરી ઑફ એબસ્ટ્રક સ્પેશ'ના ફાઉન્ડર
- **૩ સપ્ટેમ્બર ૧૮૮૮ : થોમસ મિલ્ટન રિપર્સ :** અમેરીકન વાયરોલોજીસ્ટ 'એન્ટી પોલીયો માયેલીટીઝ વેક્સીન' ડેવલપ કરનાર
- **૩ સપ્ટેમ્બર ૧૮૮૩ : હેરાલ્ડ ડીફોરેસ્ટ એર્નોલ્ડ :** અમેરીકન ભૌતિકસાસ્ત્રી, લોન્ગ ડીસ્ટન્સ ટેલિફોની અને રેડીયોકોમ્યુનીકેશન પર સંશોધન કરનાર
- **૪ સપ્ટેમ્બર ૧૮૬૬ : સિમોન લેક :** અમેરીકન સંશોધક 'આર્ગોનટ' નામની પ્રથમ સબમરીન બનાવનાર
- **૪ સપ્ટેમ્બર ૧૮૪૮ : લેવીસ લેટીમર :** બ્લેક અમેરીકન સંશોધક, ઈલેક્ટ્રીકલ ટેકનોલોજી ક્ષેત્રે સંશોધન કરનાર વૈજ્ઞાનિક
- **૫ સપ્ટેમ્બર ૧૮૭૦ : ફ્રેડરીક જહોન ડોનાવ :** બ્રિટીશ કેમીસ્ટ. કોલાઈડ કેમેસ્ટ્રી પર વિશેષ યોગદાન આપનાર. ૧૯૧૧માં 'ડોનાન ઈફેક્ટ' ની સમજ આપનાર
- **૫ સપ્ટેમ્બર ૧૮૫૦ : ઈગન ગોલ્ડ સ્ટ્રેઈન :** જર્મન ભૌતિકશાસ્ત્રી. 'કેનાલ રેસ'ની સોધ કરનાર
- **૬ સપ્ટેમ્બર ૧૮૯૫ : વોલ્ટર રોબર્ટ ડોર્નબર્ઝર :** જર્મન અમેરીકન એન્જીનીયર - રૉકેટની અનેક ડિઝાઈનો આપનાર
- **૬ સપ્ટેમ્બર ૧૮૯૨ : સર એડવાર્ડ એપ્ટન :** ઈંગ્લીશ ભૌતિક શાસ્ત્રી, ૧૯૪૭માં આપનો સ્પીપરમાં આવેલ એપ્ટોન લેયર વિષે સંશોધન માટે નોબેલ પ્રાઈઝ મળ્યું હતું.
- **૭ સપ્ટેમ્બર ૧૯૦૮ : મિચેલ એલીસ ડેબાકે :** અમેરીકન ફીઝીશીયન 'કાર્ડીઓ વસ્ક્યુલર સર્જન' ના પાયોનીયર, હાર્ટ સર્જરીના ઘણા સાધનો ડેવલપ કરનાર
- **૭ સપ્ટેમ્બર ૧૮૯૩ : બરોન હોરે-બેલીસા :** ઈંગ્લીશ સ્ટેટમેન તથા સંશોધક, રોડ ઉપરના રંગીન ચમકતા પટ્ટા 'બેલીસા બિકોન' ડેવલપ કરનાર
- **૮ સપ્ટેમ્બર ૧૮૪૮ : વિકટર મેયર :** જર્મન ઓર્ગેનીક કેમીસ્ટ, વેપર ડેન્સીટી માપવાનું સાધન વિકસાવનાર.
- **૮ સપ્ટેમ્બર ૧૮૩૭ : રાફેલ ડબલ્યુ પમ્પેલી :** અમેરીકન જીઓલોજીસ્ટ 'આર્યન ઓ રે' નયા સુપીરીયર લેકમાંજમા થયેલ કોપર વિષે જાણકારી આપનાર

ગત સપ્તાહના સવાલનો જવાબ

સવાલ : કેન્દ્રીય મંત્રી પ્રકાશ જાવડેકર કયું મહત્ત્વનું ખાતું ધરાવે છે?
જવાબ : માનવસંશાધન વિભાગ

સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત રાવલ : સે-૭ડી, ૧૨૨૨/૨ (૨) જયેન્દ્રપ્રસાદ એન. પાઠક : જુ. ઈન્ફો સાયન્સ કૉલેજ (૩) નટુભાઈ દરજી : પેથાપુર (૪) મૂળજીભાઈ પરમાર 'દધિ' : સે-૬ (૫) મહેશ એમ જાદવ - શ્રીરંગ એપાર્ટ., રાયસણ (૬) ધાર્મિક એસ. પટેલ : ગાયત્રી રેસી., ધોળેશ્વર પાસે

આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

તાજેતરમાં અરવિંદ કેજરીવાલે કયા મંત્રીને સેક્સ કૌભાંડમાં મંત્રીમંડળમાંથી તગેડી મૂક્યા?
'ગાંધીનગર સમાચાર'-ખજાનો વિભાગ,
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

સાચા જવાબો

૧૬ (૧૬) ૬ (૨૬) ૧૮ (૬૬) ૬ (૨૬) ૧૬ (૧૬) ૧૮ (૦૬)
૧૮ (૭) ૬ (૭) ૧૬ (૯) ૧૬ (૩) ૬ (૧) ૧૮ (૨) ૬ (૯) ૬ (૨) ૧૮ (૬)

શાંતિની સ્થાપનાનો શુભસંદેશ

ગુરુની પાસે નીચે શિષ્ય બેસે અને જ્ઞાન મેળવે તે ઉપનિષદ છે. આ જ્ઞાન જે ગ્રંથમાં સંચિત થાય તે ઉપનિષદ છે. અભ્યાસ બેઠકને પ્રારંભે તેઓ શાંતિ મંત્ર બોલે છે. દરેક ઉપનિષદ (ઈ.પૂ. ૧૫૦૦ થી ઈ. પૂ. ૬૦૦)ને આરંભે શાંતિપાઠ હોય છે.

આમાંના કેટલાંક આ પ્રમાણે છે.

(૧) ૐ મારા અંગો, વાણી, પ્રાણ, નેત્ર, કર્ણ, તેમજ બળ અને બધી ઈન્દ્રિયો પરિપુષ્ટ બનો - મજબૂત બનો. આ બધું (સમગ્ર જગત)ની ઉપનિષદમાં વર્ણવેલું ઈશ્વરતત્ત્વ છે.

હું ઈશ્વરતત્ત્વનો અનાદર ન કરું, નહિ, ઈશ્વરતત્ત્વ પર મારો અનાદર ન કરે.

અનાદર, મારો અનાદર ન થાવ. હું આ આત્મતત્ત્વ સાથે તન્મય છું ત્યારે ઉપનિષદમાં જે મૂલ્યો કહેલાં છે; તે મારામાં આવો, મારામાં આવો.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ મન, વચન અને કર્મમાં શાંતિ રહો.

(કેન ઉપનિષદ)

(૨) ૐ ઈશ્વર આપણા બંનેનું રક્ષણ કરે, આપણને સાથે રાખે.
ઈશ્વર સુખ અને દુઃખના ભોગવથમાં સાથે રાખે.
આપણે બંને, અનિષ્ટ સામે સાથે રહીને લડવાનું પરાક્રમ જાળવીએ.
આપણાં બંનેનું ભણેલું તેજસ્વી બનો.
આપણે બંને એકબીજાનો દ્વેષ ન કરીએ.
ૐ મન, વચન અને કર્મમાં શાંતિ સ્થપાય.

(કઠ ઉપનિષદ)

અમર વારસો
ડૉ. રશ્મિકાન્ત મહેતા

(૩) ૐ અમને મિત્ર શાંતિ અપાવે, અમને વરુણ શાંતિ અપાવે. અમને ઈન્દ્ર અને બૃહસ્પતિ શાંતિ અપાવે. અમને વિપુલ સામર્થ્યવાળા વિષ્ણુ શાંતિ અપાવે.

ઈશ્વર તત્ત્વને પ્રણામ - વાયુને પ્રમાણ. તમે જ પ્રત્યક્ષપણે ઈશ્વરતત્ત્વ છો. હું તો તમને જ પ્રત્યક્ષ રહેલા ઈશ્વર તત્ત્વરુપે જાણીશ.

હું જે યોગ્ય હશે, તે જ કહીશ. હું જે સત્ય હશે, તે જ કહીશ.

તો ઈશ્વર મારું રક્ષણ કરે. ઈશ્વર યોગ્ય અને સત્ય બોલનારનું રક્ષણ કરે. મારું રક્ષણ કરે. યોગ્ય અને સત્ય બોલનારનું રક્ષણ કરે. ૐ મન, વચન અને કર્મમાં શાંતિ સ્થપાય.

(તૈત્તરીય ઉપનિષદ)

(૪) ૐ હે દેવો! અમે ગૃહસ્થધર્મનું સન્માન કરનારા છીએ.

જે કલ્યાણકારક હોય તે જ અમે કાનથી સાંભળીએ. જે કલ્યાણકારક હોય તે જ અમે આંખોથી જોઈએ. પરિપુષ્ટ અને મજબૂત અંગો સાથે અમે તમારી સ્તુતિ કરીએ.

આ પ્રકારના શરીર સાથે અમે, અમારે મારે દેવોએ નિશ્ચિત કરેલું છે તે, આયુષ્ય આનંદથી પસાર કરીએ.

(મુંડક ઉપનિષદ)

(૫) ઈન્દ્ર ફેલાયેલા યશ વાળા છે. તે અમારું કલ્યાણ કરે. પૃથ્વીના દેવતા પૂષન સૌ કોઈને જાણનારા છે. તે અમારું કલ્યાણ કરે. ગરુડપક્ષી વિષ્ણુનું વાહન છે. એ અનિષ્ટનો નાશ કરે છે. તે અમારું કલ્યાણ કરે.

બૃહસ્પતિ દેવોના આચાર્ય છે. તે અમારું કલ્યાણ કરે.

ૐ મન, વચન અને કર્મમાં શાંતિ સ્થપાય.

(મુંડક ઉપનિષદ)

(૬) ૐ મારી વાણી મારા મન સાથે એકરુપ થાય અને મન વાણી સાથે એકરુપ થાય આને પરિણામે હે પરમ તત્ત્વ! તમે પ્રગટ થાવ.

આ બંને વેદને મારી પાસે લઈ આવે.

મારી વિદ્યા મને કયારેય છોડી ન દે.

હું આ વિદ્યાને કારણે રાત, દિવસ સંસારમાં બધા સાથે સમતા કેળવી શક્યો છું.

હું જે યોગ્ય હશે તે જ કહીશ. જે સત્ય હશે, તે જ કહીશ.

તો ઈશ્વર મારું રક્ષણ કરે. ઈશ્વર યોગ્ય અને સત્ય બોલનારનું રક્ષણ કરે.

ૐ મન, વચન અને કર્મમાં શાંતિ સ્થપાય.

(ઐતરેય ઉપનિષદ)

આ શાંતિ સંદેશ આજે પણ એટલો જ પ્રસ્તુત છે ઉપયોગી છે.